## 'યુવા'નો સેલ્ફીક્રેઝ બન્યો જીવલેણ

# સેલ્ફી વીથ ડેથ : સેલ્ફીએ વધુ ત્રણ યુવાનોના જીવ લીધા

### નભોઈ પાસે નર્મદા કેનાલમાં સેલ્ફી પાડવા ઉતરેલા અમદાવાદના ત્રણ યુવા મિત્રો પાણીમાં ગરકાવ : સેલ્ફી લેવા જતા કેનાલમાં પડી ગયેલા મિત્રને બચાવવા ગયેલા બીજા બે મિત્રો પણ ડુબી ગયા : એનડીઆરએફ અને ફાયરબ્રિગેડની ટીમો દ્વારા શોધખોળ જારી

ગાંધીનગર, તા. ૧૭

યાદગાર તસવીર માટે 'યુવા'ઓ સ્યુસાઈડ પોઈન્ટ ઉપર ચઢીને પણ સેલ્ફી લેતા થઈ ગયા છે, પરંતુ આ જોખમ ગણીવાર સેલ્ફી વીથ ડેથ સાબિત થાય છે. સેલ્ફી લેવા જતા પહાડ ઉપરથી ખીણમાં પડ્યા..! સેલ્ફી લેવા જતા દરીયામાં ડુબી ગયા..! સેલ્ફી લેવા જતા સર્જાયો જીવલેણ અકસ્માત..! સેલ્ફી લેવા જતા ટ્રેન પરથી પટકાયા..! આવા ઘણા દુઃખદ સમાચારો રોજબરોજ બનતા થઈ ગયા છે જે એક ચિંતાજનક બાબત છે. સેલ્ફી લેવામાં મગ્ન થયેલા યુવા ખતરો કે (ખેલાડી) બનવા કોઈ પણ જોખમી સ્થળે પહોંચી જતા અચકાતા નથી અને આ બે-પાંચ મિનિટમાં તેના પરિવારમાં આંધી આવ્યાનાં સંખ્યાબંધ કિસ્સાઓ બનેલા છે. આજે અમદાવાદના પાંચ મિત્રો ફોટોગ્રાફી માટે ગાંધીનગર નજીક નભોઈ પાસે આવ્યા હતા ત્યારે નભોઈ કેનાલમાં સેલ્ફી લેવા જતા ત્રણ યુવા મિત્રો ડુબી ગયા હોવાની ઘટનાથી સન્નાટો છવાઈ ગયો છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના પાંચ મિત્રો આજે બપોરે ગાંધીનગર નજીક નભોઈ પાસે ફોટોગ્રાફી માટે આવ્યા હતા. અમદાવાદના દુધેશ્વર રોડ પર આવેલી કિર્તીકુંજ સોસાયટીમાં રહેતા ૧૮ વર્ષિય કિરણ ગણપતભાઈ ચૌહાણ, દિલ્હી દરવાજા રોડ પરની નુરભાઈની ચાલીમાં રહેતા ૧૮ વર્ષિય નરેશ શંકરભાઈ વાણીયા, છોટાઆલમની ચાલીમાં રહેતા ૧૮ વર્ષિય વિકાસ શિવજીભાઈ બોડાણા, વિજય મોહનભાઈ ચૌહાણ અને લાલજી માનસિંહ બોડાણા પાંચેય મિત્રો ફોટોશુટ કરતા કરતા નભોઈ નર્મદા કેનાલ પાસે પહોંચ્યા હતા. તે દરમ્યાન એક યુવાન મિત્ર કેનાલની રેલીંગ કુદીને સેલ્ફી લેવા ગયો ને તેનો પગ લપસી જતા કેનાલમાં ગરકાવ થયો હતો. આ મિત્રને બચાવવા અન્ય બે મિત્રો એક પછી એક કેનાલમાં કુદ્યા અને તે બંને પણ કેનાલમાં ગરકાવ થઈ જતા ત્રણ યુવા મિત્રો ડુબી ગયા હોવાની ઘટનાથી ચકચાર મચી જવા પામી છે. ઘટના અંગે જાણ થતા એન.ડી.આર.એફ.ની ટીમો ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી પરંતુ મોડી સાંજ સુધી ડુબી ગયેલા ત્રણ યુવાનો પૈકી એકેયના સગડ મળ્યા ન હતા. કિરણ ચૌહાણ, નરેશ વાણીયા અને વિકાસ બોડાણા ત્રણેયની શોધખોળ જારી છે. તો બીજી તરફ પરિવારજનોમાં શોકની કાલીમા છવાઈ ગઈ છે. અડાલજ પોલીસ પણ ઘટનાની જાણ થતા સ્થળ પર પહોંચી ગઈ હતી.



## પ્રજાસત્તાક દિવસની પરેડમાં જીટીયુની ટીમ હેટ્રિક કરશે

### એનએસએસની બે વિદ્યાર્થિનીઓ દિલ્હી જશે

ગાંધીનગર, તા.૧૭

આગામી ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ પ્રજાસત્તાક દિવસની પરેડમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) હેટ્રિક સર્જશે. સતત ત્રીજા વર્ષે જીટીયુ વતી એનએસએસની બે વિદ્યાર્થિનીઓ રાજપથ ખાતે યોજાનારી પરેડમાં ભાગ લેવા દિલ્હી જશે. આ વખતે એલ.ડી. એન્જીનિયરીંગ કૉલેજની હેમાંક્ષી ઈશ્વર અને વિશ્વકર્મા ગવર્નમેન્ટ એન્જીનિયરીંગ કૉલેજની સલોની પરીખને પ્રજાસત્તાક દિનની પરેડ માટે પસંદ કરવામાં આવી છે. આ બેઉ વિદ્યાર્થિનીઓ જીટીયુમાં એન્જીનિયરીંગના અનુક્રમે પાંચમા અને છઠ્ઠા સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહી છે.

જીટીયુના વાઈસ ચાન્સેલર પ્રો. (ડૉ) નવીન શેઠના માર્ગદર્શન હેઠળ નેશનલ સર્વિસ સ્કીમ (એનએસએસ) યુનિટ તરફથી આ બાબતમાં તૈયારીઓ કરવામાં આવી રહી હતી. આ વખતે જીટીયુમાંથી ૧૬ વિદ્યાર્થીઓને રાજયસ્તરીય પસંદગી માટે મોકલવામાં આવ્યા હતા. તેમાંથી જીટીયુના છ વિદ્યાર્થીઓ પસંદ થયા હતા અને તેઓને પૂર્વતૈયારીઓ માટેના રાષ્ટ્રીય કેમ્પમાં મોકલવામાં આવ્યા હતા. હૈદ્રાબાદમાં યોજાયેલા તે કેમ્પમાં જીટીયુના છમાંથી બે વિદ્યાર્થીઓ પસંદ થયા હતા.



આ માહિતી આપતા જીટીયુ એનએસએસના વડા કેપ્ટન સી.એસ. સંઘવીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સ્તરે થતી પસંદગીમાં વિદ્યાર્થીઓની પરેડ જ નહિ બલકે સાંસ્કૃતિક કાર્યક્મોમાં દેખાવને પણ ધ્યાનમાં લેવાય છે. ચાલુ વર્ષે પસંદ થયેલી બંને વિદ્યાર્થિનીઓનો સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ પ્રભાવશાળી દેખાવ રહ્યો તે બાબતને ધ્યાનમાં રાખીને તેઓને પસંદ કરવામાં આવી હતી.

## જાહેર આભાર

ગાંધીનગર ઉત્તર-૩૬ વિધાનસભામાં શંકરસિંહ વાઘેલા (બાપુ)ના જન વિકલ્પ મોરચાના ઉમેદવાર કરણસિંહ વાઘેલાને સ્વીકારી તમામ મતદાતાઓ, નાગરીકો, શહેરી અને ગ્રામજનો, સગાં-સંબંધીઓ, મિત્રો, કાર્યકર્તાઓ અને સ્નેહીજનોએ આપેલ અભૂતપૂર્વ પ્રતિસાદ અને સહકાર બદલ સૌનો હૃદયપૂર્વક આભાર માન્યો છે.

## ચૌધરી સ્કૂલની વિદ્યાર્થીનીઓનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરની જે.એમ. ચૌધરી સ્કૂલ દ્વારા ચિત્રકલા વિષયના અનુસંધાને પ્રત્યક્ષ નિદર્શન માટે ધો. ૧૧ અને ધો. ૧૨ના સામાન્ય પ્રવાહની વિદ્યાર્થીનીઓ માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં વિદ્યાર્થીનીઓને શારણેશ્વર, વિરેશ્વર, પોળોના જંગલો અને ઈડરિયા ગઢની મુલાકાત કરાવાઈ હતી. પ્રવાસમાં ૧૦૪ વિદ્યાર્થીઓ સાથે ૮ શિક્ષિકાઓ જોડાઈ હતી. પ્રવાસમાં વિદ્યાર્થીનીઓએ વણજ તથા હરણાવ ડેમની યોજનાઓ નિહાળી હતી તથા પોળો કેમ્પ સાઈટની મુલાકાત લઈ ઉત્સાહિત થઈ હતી.

## ભારતીય ઓલમ્પિક સંઘના પ્રમુખ તરીકે નરેન્દ્ર બત્રાની નિમણુંક

ગાંધીનગર, તા. ૧૭

ભારતીય ઓલમ્પીક સંઘની ચૂંટણી તાજેતરમાં યોજાઈ ગઈ. જેનું પરીણામ ૧૫મી ડિસેમ્બરના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્ટરનેશનલ હોકી ફેડરેશનના નરેન્દ્ર બત્રા પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા છે. ૬૦ વર્ષિય બત્રાએ ૧૪૨ મત મેળવેલ જ્યારે તેઓના પ્રતિસ્પર્ધી અનિલ ખન્નાએ ૧૩ મત મળ્યા હતા. જ્યારે મંત્રી તરીકે ફેન્સીંગ એસોસીએશન ઓફ ઈન્ડીયાના પ્રમુખ સંજીવ મહેતા બિનહરીફ ચૂંટાઈ આવેલ છે. અત્રે નોંધનીય છે કે રાજીવ મહેતા સતત બીજી ટર્મ માટે ઈન્ડીયન ઓલમ્પીક એસોસીએશનના મંત્રી તરીકે ચૂંટાઈ આવ્યા છે. તેમજ હેન્ડબોલ ફેડરેશન ઓફ ઈન્ડીયાના આનંદેશ્વર પાંડે ખજાનચી તરીકે ચૂંટાઈ આવ્યા છે.

સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડીયાના સલાહકાર અને હાઈકોર્ટના નિવૃત્ત જસ્ટીસ એસ.કે. મેન્દીસ્તાની દેખરેખ હેઠળ યોજાઈ હતી. તેઓને આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયાના રીટર્નીંગ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ભારતીય ઓલમ્પીક સંઘના પ્રમુખ નરેન્દ્ર બત્રા અને મંત્રી સંજીવ મહેતાને ભરતજી ઠાકોરે અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.



## ગાંધીનગર ડેપોની બસ સેવાને વધુ અસરકારક બનાવવા માટે નવી બસો દોડશે

### મુસાફરોએ જોખમી મુસાફરી નહીં કરવી પડે તે મુજબના રૂટોમાં બસો દોડાવાશે

ગાંધીનગર તા ૧૬


સલામત સવારી એસ ટી અમારી ની બસ સેવા ને વધુ અસરકારક બનાવવા માટે ટુંકમાં જ ડેપો કક્ષાએ તબક્કાવાર નવી બસો ફાળવવામાં આવશે. રાજયમાં વિવિધ ડેપોને મીની તેમજ મોટી બસો ફાળવવા માટે આયોજન કરવામાં આવશે. હાલ એસ ટી બસ સેવા સમયસર ઉપલબ્ધ ન થતા આમ નાગરિકોએ ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરવી પડતી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે એસ ટી ની બસ સેવા વધુ અસરકારક બનાવવા માટે આયોજન થઈ રહયુ છે.

શહેરમાં એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજનાનુ ઠેકાણુ પડયુ નથી. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ડેપોમાં રોજબરોજ તસ્કરી વૃતિ વધતા મુસાફરોની સલામતી રામભરોસે હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. આવા સંજોગોમાં એસ ટી ડેપોના વર્કશોપના રીનોવેશનનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે. ત્યારે નવી બસો પણ ટુંકમાં જ એસ ટી ડેપોને ફાળવવામાં આવે તેવી સંભાવના છે. ગાંધીનગર અમદાવાદ સહીતના વિવિધ શહેરી રૂટોમાં કીલોમીટર પુરા થઈ ગયા હોય તેવી બસોના સ્થાને અગર વધારાના રૂટ શરૂ કરવા માટે નવી બસોની ફાળવણી કરવામાં આવશે. સરકાર દ્વારા સમગ્ર રાજયમાં વિવિધ ડેપો માટે નવી બસો ફાળવવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે નવી બસોની નોંધણી પણ તબકકાવાર આર ટી ઓ કચેરીમાં કરવામાં આવશે. જયારે એસ ટી નિગમ દ્વારા જરૂરિયાત મુજબ બસોની ફાળવણી કરવામાં આવશે. ગાંધીનગર એસ ટી ડેપોને પણ નવી બસો ફાળવવામાં આવશે. ડેપોને મીની તેમજ મોટી બસો પણ ફાળવવામાં આવશે હાલ ખાનગી બસો અને વાહનો પણ વિશેષ પ્રમાણમાં દોડી રહયા છે. ત્યારે એસ ટી ની સલામત સવારી સમયસર ઉપલબ્ધ ન થતી હોવાની બુમ પણ ઉઠવા પામે છે. જેના લીધે મુસાફરોએ ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરવી પડતી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે ડેપો કક્ષાએ નવી બસો ફાળવવાની પ્રકીયાના અંતે એસ ટી ની બસ સેવા વધુ અસરકારક બનશે તેમ પણ મનાઈ રહયુ છે.

# ઈંગ્લેન્ડ જતું જહાજ ડૂબી જતાં જીવરાજ મહેતા લાઈફબોટમાં કલાકો સુધી દરિયામાં રહ્યાં હતા

ગુજરાતના ગરીબ અને સંવેદનશીલ મુખ્યમંત્રી કોણ હતા તો તે સવાલનો જવાબ એકમાત્ર ડો. જીવરાજ મહેતા આવે છે. ગુજરાત અત્યારે જ્યારે ૧૭મા મુખ્યમંત્રી બનાવવા થનગની રહ્યું છે ત્યારે ગુજરાતના આ પહેલા મુખ્યમંત્રીની સાદગી ઉડીને આંગે વળગે તેવી હતી. અમરેલીના આર્થિક રીતે નબળાં પરિવારમાં જન્મેલા જીવરાજ મહેતાનું બાળપણ તેમજ તેમનો અભ્યાસક્રમ સંઘર્ષમય રહ્યો હતો.

### સાદગી, સંવેદના અને સંઘર્ષનો સમન્વય એટલે પ્રથમ સી.એમ ડો. જીવરાજ મહેતા





ભણવાનો ખર્ચ મેળવવા માટે તેઓએ શિષ્યવૃત્તિ મેળવી, ફી માફી પણ મેળવી અને પોતે ટ્યુશનો કરીને આવક ઉભી કરવા હતા. ૧૯૩૦માં તેમણે મેટ્રીકની પરીક્ષામાં સફળતા મેળવી હતી અને ત્યારબાદ તેમણે મેડિકલનો અભ્યાસ કર્યો હતો.

જીવરાજ મહેતાનો જન્મ ૨૯મી ઓગષ્ટ ૧૮૮૭માં થયો હતો. તેમણે મુંબઈની ગ્રાન્ટ મેડિકલ કોલેજમાં લાયસન્સ- મેડિસીન અને સર્જરી કે જેને એમબીબીએસ ઈક્વિલન્ટ કહેવાય છે તે અભ્યાસ કર્યો હતો. તેમણે ૧૯૧૪માં લંડનમાંથી એફઆરસીએસ કર્યું હતું. વ્યવસાયે તેઓ ડોક્ટર હતા. ૧૯૨૫ થી ૧૯૪૨માં તેમણે સ્થાપેલી શેઠ ગોરધનદાસ સુંદરદાસ મેડિકલ કોલેજના તેઓ ડીન હતા. ૧૯૪૮માં ભારત સ્વતંત્ર બન્યા બાદ વડોદરા રાજ્યના દિવાન થયા હતા.

જીવરાજ મહેતા જ્યારે લંડનથી ભારત પાછા આવ્યા ત્યારે થોડાં સમય માટે તેઓ ગાંધીજીના અંગત ડોક્ટર રહ્યાં હતા. સ્વતંત્રતાની ચળવળમાં તેમને પહેલેથી રસ હતો અને બે વખત તેઓએ સત્યાગ્રહમાં ભાગ લીધો હતો અને જેલમાં ગયા હતા. ૧૯૬૦માં તેઓ મુંબઈ રાજ્યમાં નાણાં, ઉદ્યોગ, નશાબંધી અને જાહેર બાંધકામ ખાતાના પ્રધાન બન્યા હતા. રાષ્ટ્રીય કોંગ્રેસની પહેલા પસંદ જીવરાજ મહેતા હોવાથી ૧૯૬૦માં તેમને ગુજરાતના પહેલા મુખ્યમંત્રી બનાવ્યા હતા. ૧૯૬૪ થી ૧૯૬૬ સુધી તેઓ ઈંગ્લેન્ડમાં ભારતના હાઈકમિશનર તરીકે પણ રહી ચૂક્યાં છે.

ભારતમાં મેડિકલ ક્ષેત્રમાં સંશોધન માટે પાયાનું કામ તેમણે કર્યું છે. મુંબઈ, પૂના, ઔરંગાબાદ, અમદાવાદ અને નાગપુરમાં મેડિકલ કોલેજ અને હોસ્પિટલ સ્થાપવામાં તેમનો મહત્વનો ફાળો રહ્યો છે. એ ઉપરાંત દિલ્હીની ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ફોર મેડિકલ સાયન્સની સ્થાપનામાં તેમનો સક્રિય હિસ્સો છે. તેઓ ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનના પ્રમુખ પણ રહી ચૂક્યાં છે. ભારત સરકારે ૨૦૧૫માં મેડિકલ ક્ષેત્રે સર્વોચ્ચ એવોર્ડની જીવરાજ મહેતાના નામથી શરૂઆત કરી છે.

છ વર્ષના લંડન નિવાસ દરમ્યાન તેઓ ગાંધીજી, ગુરૂદેવ રવિન્દ્રનાથ ટાગોર, લાલા લજપતહાય, ગોપાલકૃષ્ણ ગોખલે, મહંમદઅલી ઝીણા, સરોજિની નાયડુના સંપર્કમાં આવ્યા હતા. ભારત પાછા આવીને જીવરાજ મહેતાએ મુંબઈમાં મેડિકલની પ્રેક્ટિસ પણ શરૂ કરી દીધી હતી. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડના તેઓ અંગત તબીબ તરીકે રહી ચૂક્યા છે.

### ટાટાજૂથ, મહાત્મા ગાંધી અને સયાજીરાવ ગાયકવાડના અંગત તબીબ રહ્યાં હતા


જીવરાજ મહેતા પ્રથમ વિશ્વયુદ્ધના સમયગાળામાં જાણીતા ઉદ્યોગજૂથ ટાટાના પ્રસિદ્ધ ઉદ્યોગપતિ રતન ટાટાના પરિવારના અંગત તબીબી સલાહકાર પણ રહ્યાં છે. ૧૯૧૬માં રતન તાતાને સારવાર માટે ઈંગ્લેંડ જવાનું હતું. રતન તાતા સાથે લેડી તાતા, બીજા ત્રણ-ચાર સદસ્યો અને ડો. જીવરાજ મહેતા ઈંગ્લેંડ જાય તેવું નક્કી થયું હતું. દરિયાઈ માર્ગે ઈંગ્લેંડ જવું સલામત ન હતું. પ્રથમ વિશ્વયુદ્ધની ભયાનકતા સમુદ્રી મુસાફરીને જોખમી બનાવતી હતી. ઈંગ્લેંડ જતાં જહાજો પર દુશ્મન જહાજો આક્રમણ કરતા હતા પરંતુ બીજો રસ્તો ન હતો.

### સૌથી વધુ ૧૨૩૮ દિવસ સુધી શાસન કરનારા તેઓ રાજ્યના પાંચમા મુખ્યમંત્રી

અરબી સમુદ્ર વટાવી તાતાનું બ્રિટીશ જહાજ આગળ વધતું હતું ત્યાં મધદરિયે ટોરપીડોથી હુમલો થયો. જહાજને ભારે નુકસાન થયું. ક્ષતિગ્રસ્ત જહાજમાં પાણી ભરાતાં બચાવ કાર્યો શરૂ થયાં. લાઈફબોટો ઉતારી પ્રવાસીઓને જહાજ છોડવા વ્યવસ્થા થવા લાગી. રતન તાતા તથા તેમના ગ્રુપ સાથે ડો. જીવરાજ મહેતા એક આખરી લાઈફબોટમાં બેઠા અને જોતજોતામાં જહાજ ડૂબી ગયું. ઝોલાં ખાતી લાઈફબોટમાં બધાં કલાકો સુધી ભટકતાં રહ્યાં. મધદરિયે ઘૂઘવતાં તોફાની મોજાંઓ અને સૂસવતા પવન વચ્ચે ઝઝૂમવામાં કેવું મક્કમ મનોબળ જોઈએ! તાતા દંપતિ સાથે ડો. જીવરાજ મહેતા પણ ધીરજ અને હિંમતથી સંજોગોનો સામનો કરતા રહ્યા. ત્રીસેક કલાકની આકરી કસોટી પછી સૌ માલ્ટા પહોંચ્યા અને ત્યાંથી બીજા જહાજમાં ઈંગ્લેન્ડ પહોંચ્યા હતા.

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત





જીવરાજ મહેતા ૧૯૪૬ થી ૧૯૪૮ સુધી મુંબઈ ધારાસભાના સભ્ય રહ્યાં હતા. ૧૯૪૯ થી ૧૯૫૦ દરમ્યાન તેમણે મુંબઈ રાજ્ય પ્રધાનમંડળમાં સેવાઓ આપી હતી. ૧૯૫૨ થી ૧૯૬૦ સુધી તેઓ મુંબઈ સરકારમાં નાણામંત્રી રહ્યાં હતા. ૧૯૬૦માં પહેલી મે ના રોજ ગુજરાત એ મહારાષ્ટ્રથી અલગ પડ્યું ત્યારપછી જીવરાજ મહેતા ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી બન્યા હતા.

તેમણે ગુજરાતના પ્રશ્નોનો ઊંડો અભ્યાસ કરી એક પછી એક હલ કર્યા હતા. નવા રાજ્યની નવી રાજધાની ક્યાં રાખવી એ અંગે લાંબી મંત્રણા પછી ગાંધીનગર રાખવાનું નક્કી કરવામાં આવ્યું. તેમણે ૧૯૬૦માં ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપનીની રચના કરી હતી. એ ઉપરાંત વડોદરામાં પ્રેટ્રોકેમિકલ્સ ઉદ્યોગની સ્થાપના પણ તેમણે કરી હતી. જીવરાજ મહેતાએ અમદાવાદમાં એશિયાની પ્રખ્યાત સિવિલ હોસ્પિટલનું બાંધકામ શરૂ કરાવ્યું હતું. તેમણે ગુજરાતમાં ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની રચના કરી હતી. ગુજરાતમાં દારૂબંધી દાખલ કરી તેઓ બીજીવાર પણ મુખ્યમંત્રી બન્યા હતા. તેમણે નિષ્ઠા અને પ્રામાણિકતાથી ગુજરાત અને દેશની સેવા કરી છે. સાદગીભર્યા અને કુશળ મુખ્યમંત્રી તરીકે તેઓ દેશભરમાં લોકપ્રિય થયા હતા. પૂર્ણ દીર્ઘ આયુષ્ય ભોગવી તેઓ ૯૧ વર્ષે ૧૯૭૮માં અવસાન પામ્યા હતા. અમદાવાદ ખાતે તેમનું કાયમી સંભારણું બની રહે તે માટે જીવરાજ મહેતા હોસ્પિટલ શરૂ કરવામાં આવી હતી. જીવરાજ મહેતાએ ૧૨૩૮ દિવસ સુધી ગુજરાતમાં શાસન કર્યું હતું.

નરેન્દ્ર મોદી (૪૬૧૦), હિતેન્દ્ર દેસાઈ (૨૦૬૨), માધવસિંહ સોલંકી (૨૦૪૯), અમરસિંહ ચૌધરી (૧૬૧૮), ચીમનભાઈ પટેલ (૧૬૫૨), કેશુભાઈ પટેલ (૧૫૩૩), બાબુભાઈ પટેલ (૧૨૫૩) પછી જીવરાજ મહેતા એવા મુખ્યમંત્રી છે કે જેમણે સૌથી વધુ દિવસ સુધી શાસન કર્યું છે